સુવિચાર : ભાગ્યના દરવાજા ઉપર માથું ભટકાવવા કરતાં કર્મનું વાવાઝોડું ઊભો કરો બધા જ દરવાજા ખૂલી જશે.. - પોલ વોકર

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૪૪ | ૧૫ નવેમ્બર, ૨૦૧૫, રવિવાર ; કારતક સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

તાપમાન
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૪૦ ટકા

હુમલાની સાથે સાથે.....

- ફ્રાન્સ પ્રચંડ આત્મઘાતી બ્લાસ્ટ અને ગોળીબારથી હચમચી ઉઠ્યુ
- ચારેબાજુ ભારે ભાગદોડ અને અંધાધુંધી ફેલાઇ ગઈ
- ફ્રાંસમાં એક સાથે આઠ આત્મઘાતી બોંબરો ત્રાટક્યા
- જુદા જુદા વિસ્તારમાં ટુકડીઓમાં વહેંચાઈ જઈને હુમલાઓ કરાયા
- બીજા વિશ્વ યુદ્ધ ભાદ ફ્રાંસમાં સૌથી ભીષણ હુમલો કરાયો
- ભારત અને અમેરિકા સહિતના દેશો ફ્રાંસની સાથે
- વિશ્વના નેતાઓએ ફ્રાંસમાં કરાયેલા હુમલાઓની નિંદા કરી
- ભારતીય દૂતાવાસ દ્વારા ટેલિફોન નંબરની શરૂઆત કરવામાં આવી
- ફ્રાંસમાં ભારતીય રાજદૂત મોહન કુમારના કહેવા મુજબ તમામ ભારતીયો સુરક્ષિત
- બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણેહાથ ધરવામાંઆવી
- ઈરાક અને સિરિયામાં પ્રભુત્વ ધરાવનાર ત્રાસવાદી સંગઠન આઈએસ દ્વારા હુમલાની જવાબદારી સ્વીકારવામાં આવી
- પેરિસમાં અનેક જગ્યાએ એક સાથે બ્લાસ્ટ અને હુમલા થયા
- ઘાયલ થયેલા તમામ લોકોને જુદી જુદી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે
- ૨૦૦ ઈજાગ્રસ્તોમાં ૮૦ની હાલત ગંભીર
- ફ્રાંસ સાથેની તમામ સરહદોને સીલ કરવામાં આવી

પેરિસમાં આત્મઘાતી હુમલા : ૧૬૦નાં મોત

બીજા વિશ્વયુદ્ધ બાદ ફ્રાંસમાં સૌથી ભીષણ ત્રાસવાદી હુમલો : ઈરાક-સિરિયામાં પ્રભુત્વ ધરાવનાર આઈએસ દ્વારા હુમલાઓની જવાબદારી સ્વીકારી : આઠ આત્મઘાતી બોંબરો ત્રાટક્યા : સમગ્ર ફ્રાન્સ હચમચી ઉઠ્યું

પેરિસ,તા.૧૪

ફ્રાન્સના પાટનગર પેરિસમાં અનેક જગ્યાએ અંધાધુંધ ગોળીબાર અને આત્મઘાતી હુમલાથી સમગ્ર દેશ હચમચી ઉઠ્યુ છે. બ્લાસ્ટ એ ગોળીબારની ઘટનાઓમાં ઓછામાં ઓછા ૧૬૦ લોકોના મોત થયા છે અને ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. બીજા વિશ્વ યુદ્ધ બાદ ફ્રાંસમાં હજુ સુધીના સૌથી મોટા હુમલા તરીકે આને જોવામાં આવે છે. ઈરાક અને સિરિયામાં છેલ્લા ઘણા સમયથી વર્ચસ્વ ધરાવનાર આતંકવાદી સંગઠન આઈએસઆઈએસ દ્વારા આ હુમલાની જવાબદારી સ્વીકારવામાં આવી છે. હુમલાઓ બાદ જવાબી કાર્યવાહીમાં આઠ આતંકવાદીઓના મોત થયા છે. જો કે, આ આઠ આતંકવાદીઓ પૈકીના સાત આતંકવાદીઓ આત્મઘાતી બોંબરો હતા અને આ બોંબરોએ ભરચક સ્થળમાં જ પોતાને ફૂંકી માર્યા હતા. મુંબઈ સ્ટાઈલના મલ્ટીપલ ત્રાસવાદી હુમલાથી ફ્રાંસ પણ હચમચી ઉઠ્યું હતું.

● અનુસંધાન પાન-૫ પર

વિશ્વના નેતાઓ હચમચી ઉઠ્યા

ઓબામા, જિંગપિંગ, પુટિન, કેમરૂન દ્વારા નિંદા : આતંકવાદ સામે લડવા તમામ પ્રકારની મદદ આપવાની ફ્રાંસને સીધી ઓફર : ત્રાસવાદ સામે વિશ્વના દેશો સંગઠિત

પેરિસ,તા.૧૪

ફ્રાંસમાં કરવામાં આવેલા ભીષણ આત્મઘાતી હુમલાઓને વિશ્વના નેતાઓએ વખોડી કાઢીને ત્રાસવાદ સામે સંયુક્તરીતે ઉભા હોવાની ફ્રાંસ પ્રમુખને ખાતરી આપી હતી. ચીનના પ્રમુખ શી જિંગપિંગ, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિન, અમેરિકી પ્રમુખ બરાક ઓબામા, બ્રિટનના વડાપ્રધાન ડેવિડ કેમરુન સહિતના વિશ્વના નેતાઓએ આ હુમલાને કઠોર શબ્દોમાં વખોડી કાઢીને તેની નિંદા કરી છે.

● અનુસંધાન પાન-૫ પર

સંકટ અને મુશ્કેલીના સમયમાં ભારત ફ્રાંસની સાથે : મોદી

હુમલાઓની પ્રણવ, મોદી, રાહુલ, સોનિયા ગાંધી દ્વારા નિંદા : અન્ય નેતાઓ દ્વારા પણ હુમલાની નિંદા

નવીદિલ્હી,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી, કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ, રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ ફ્રાંસમાં કરવામાં આવેલા ભીષણ આતંકવાદી હુમલાને વખોડી કાઢીને કટોકટીના સમયમાં ફ્રાંસની સાથે હોવાની ખાતરી આપી છે. હુમલાઓનો દોર શરૂ થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને કહ્યું હતું કે, માર્યા ગયેલા લોકોના પરિવારજનો પ્રત્યે તેઓ સહાનુભૂતિ ધરાવે છે. મુશ્કેલીના આ સમયમાં ભારત ફ્રાંસના લોકોની સાથે છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ પણ કઠોર શબ્દોમાં આ હુમલાની નિંદા કરી છે. તેમણે હુમલાની ટીકા કરતાં કહ્યું છે કે, ભારત ફ્રાંસની સાથે છે.

સ્ટેડિયમ બહાર ૩ આત્મઘાતી હુમલા સાથે હુમલાઓનો દોર

ફ્રાંસના પ્રમુખ મેચ જોવા ઉપસ્થિત હતા : હુમલા બાદ સુરક્ષિત રીતે બહાર લઇ જવાયા :સહેજમાં મોટી ખુવારી ટળી

પેરિસ,તા. ૧૪

ફ્રાંસ એક પછી એક ભીષણ આત્મઘાતી હુમલાઓથી હચમચી ઉઠ્યું હતું. આ હુમલાની જવાબદારી આઈએસ દ્વારા સ્વીકારવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ ફ્રાંસ અને જર્મનીની રાષ્ટ્રીય ટીમો વચ્ચે રમાયેલી

ફૂટબોલ મેચ દરમિયાન સ્ટેડિયમની બાહર ત્રણ આત્મઘાતી હુમલા સાથે આ હુમલાઓની શરૂઆત થઈ હતી. ફૂટબોલ મેચ જોવા માટે ફ્રાંસના પ્રમુખ હોલાન્ડે પોતે પણ સ્ટેડિયમમાં હાજર હતા પરંતુ લોકોનો સહેજમાં બચાવ થયો હતો. પેરિસ પોલીસના વડા મિશેલનું કહેવું છે કે, મિનિટોના ગાળામાં જ હુમલાખોરોની ટોળકીએ મશીનગનથી અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. કોન્સર્ટ હોલની બહાર ખુલ્લા કાફેમાં આ હુમલો કરાયો હતો. સંગીત સ્થળ નજીક બોલેવાર્દવોલ્તેયરમાં પણ વધુ એક હુમલો કરાયો હતો. બીજી બાજુ હુમલાઓ એક પછી એક થયા બાદ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. છથી વધુ

સ્થળો ઉપર આ હુમલા કરાયા હતા. કોન્સર્ટ હોલમાં ઉપસ્થિત સાક્ષીઓએ હુમલાખોરોને અલ્લાહુઅકબર કહેતા સાંભળ્યા હતા. અધિકારીઓ દ્વારા પગલા લેવામાં આવી રહ્યા છે. સરહદ ઉપર માત્ર બીજી વખત પ્રતિબંધ મુકાયા છે. ૧૯૮૦ના દશકમાં યુરોપ તરફથી મુક્ત યાત્રા ક્ષેત્ર બનાવવા માટે પ્રતિબંધો ઉઠાવવામાં આવ્યા હતા. મેટ્રો લાઈનોને તરત જ બંધ કરવામાં આવી હતી.

દિપોત્સવ - વિશ્વપ્રસિદ્ધ અક્ષરધામ ખાતે દિપાવલી પર્વોમાં અનોખો દિપોત્સવ યોજાય છે... હજજારો દિવડાઓથી સમગ્ર વાતાવરણ દિવ્ય અને ભવ્ય બને છે... ગાંધીનગરને વિશ્વના નકશામાં મુકનાર અક્ષરધામ ખાતે દિપાવલીની પૂર્વ સંધ્યાથી આરંભાતા દિપોત્સવમાં અક્ષરપુરુષોત્તમ સંસ્થાના સેકડો સ્વંયસેવકો દ્વારા દિપ પ્રગટાવી સમગ્ર સંકુલને રોશનીથી શણગારે છે... આ દિપોત્સવના દર્શન માટે ગાંધીનગર શહેરના હજારો ભાવિકો ઉપરાંત રાજ્યના ખૂણે ખૂણેથી મોટી સંખ્યામાં ભક્તો ગાંધીનગર આવે છે... અક્ષરધામનું આકર્ષણ બની રહેલા દિપોત્સવ એ શહેરની દિપાવલી ઉજવણીનો મહત્વનો ભાગ બને છે.... **(તસવીર : દિપક જાની)**

માત્ર હજાર દિવસમાં ૧૮૦૦૦ ગામોમાં વીજ પુરવઠો અપાશે : મોદી

ભારત હવે દુનિયાની કૃપાદ્રષ્ટિ નહી બલકે બરોબરી ઇચ્છે છે : આજે વિશ્વના દરેક દેશ ભારત સાથે જોડાઇ જવા ઇચ્છુક : વડાપ્રધાનનુ ઐતિહાસિક સંબોધન

લંડન,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક વેમ્બલે સ્ટેડિયમ ખાતે

ઉપસ્થિત રહેલા ૬૦૦૦૦થી વધારે ભારતીય બ્રિટીશ લોકોને સંબોધન કરતા આજે કહ્યુ હતુ કે ભારતમાં આગામી ૧૦૦૦ દિવસના ગાળામાં કુલ ૧૮૦૦૦ ગામોને તેઓ વીજળીની સુવિધા આપવા માટે ઇચ્છુક છે. આ દિશામાં તેઓ પહેલ કરી ચુક્યા છે. લોકોને મૂળભૂત સુવિધા આપવા માટે તેમની સરકાર પગલા લઇ ચુકી છે. મોદીએ પોતાના અંદાજમાં કહ્યુ હતુ કે ભારત આજે દુનિયાની મહેરાબાની નહી બલ્કે બરોબરી ઇચ્છે છે. મોટી સંખ્યામાં ગુજરાતી લોકો અને ભારતીય બ્રિટીશ લોકોની હાજરીમાં મોદીએ કહ્યુ હતુ કે ભારતે દુનિયાના દેશોને તેમની તાકાતનો પરચો હવે બતાવી ચુક્યુ છે. ભારત આજે કોઇ દેશની કૃપા દ્રષ્ટિ નહી બલ્કે બરોબરી ઇચ્છે છે. તેમણે કહ્યુ હતુ કે છેલ્લા ૧૮ મહિનાથી એવા શુભ સંકેત આવવા લાગી ગયા છે કે ભારત સાથે જે દેશ પણ વાત કરે છે તે બરોબરીમાં વાત કરે છે. તેમણે દાવો કર્યો હતો કે દુનિયાના દરેક દેશ ભારત સાથે સંબંધ મજબુત કરવા અને સ્થાપિત કરવાની ઇચ્છા ધરાવે છે. હવે દરેક દેશ ભારત સાથે વિન વિનની ફોર્મ્યુલા સાથે જોડાઇ જવા માટે તૈયાર છે. ખભાથી ખભા મિલાવીને દેશો ચાલવા માંગે છે. આનાથી ખુબ સારા સંકેત મળી રહ્યા છે.

તેમણે કહ્યુ હતુ કે ભારતે જે દિશા અને ગતિ પકડી લીધી છે તે હવે રોકાશે નહી. દુનિયા અને ભારતના લોકોને ટુંક સમયમાં ફળ પણ મળવા લાગી જશે. તેમણે કહ્યુ હતુ કે ૧૨ વર્ષ પહેલા તેઓ ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે બ્રિટન આવ્યા હતા.

આજે વડાપ્રધાન તરીકે નવી અને મોટી જવાબદારી સાથે આવ્યા છે. તેમણે કહ્યુ હતુ કે દેશના લોકોએ જે જવાબદારી તેમને સોંપી છે તે જવાબદારી અદા કરવા માટે ભરપુર પ્રયાસ કરી રહ્યા છે. સાથે સાથે દેશના લોકોને ખાતરી આપવા માંગે છે કે જે સપના તેમના દ્વારા જોવામાં આવ્યા છે જે ચોક્કસપણે પૂર્ણ થનાર છે. ભારત આ સપના પૂર્ણ કરવા માટે સમર્થ છે. ભારતમાં ગરીબીની વાત કરતા તેમણે કહ્યુ હતુ કે છેલ્લા ૧૮ મહિનાના પોતાના અનુભવના આધાર પર કહી શકે છે કે ભારતને હવે ગરીબ રહેવા માટેના કોઇ કારણ નથી. અમે બિનજરૂરીરીતે ગરીબ રહેવા માંગી રહ્યા છીએ. ગરીબ રહેવામાં અમને મજા આવી રહી છે. મોદીએ ફરી એકવાર કહ્યુ હતુ કે સવા સો કરોડની વસ્તી ધરાવતા જે દેશમાં ૮૦ કરોડ લોકો ૩૫ વર્ષથી નીચેના હોય તે દેશમાં જવાની ભરપુર છે અને જે દેશ જવાનીથી ભરપુર છે તે હવે પાછળ રહી શકે નહી. તેની વિકાસ યાત્રા કોઇ પણ સંજોગોમાં રોકાઇ શકે નહી.

વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં સ્વચ્છ ભારત અભિયાન, સ્કુલોમાં બાળકીઓ માટે અલગ શૌચાલય બનાવવા ઉપરાંત આગામી ૧૦૦૦ દિવસોમા દેશના ૧૮૦૦૦ ગામોમાં વીજળી આપવાની વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે પ્રગતિની ગતિ એટલી ઝડપી છે કે ટુંક સમયમાં આના ફળ મળવા લાગી જશે. વિશ્વના દેશો ભારતને તકોથી ભરપુર દેશ તરીકે ગણે છે.

જિલ્લા પંચાયતની રાંધેજા બેઠક પર ભાજપના સુશીલાબા વાઘેલા બિનહરીફ

સાસુ-વહુ મેદાનમાં હતા : સાસુ એ ઉમેદવારીપત્ર પાછું ખેચ્યું દસ વર્ષ બાદ જિલ્લા પંચાયતમાં બિનહરીફ વિજેતા નોંધાયા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની રાંધેજા બેઠક પર ભાજપના ઉમેદવાર સુશીલાબા અરવિંદસિંહ વાઘેલા બિનહરિફ થયા છે. જો કે બિનહરીફ વિજેતા તરીકેની તેમની વિધિવત્ જાહેરાત ૧૬મીને સોમવારે થશે.

રાંધેજા બેઠક માટે કોંગ્રેસે વાઘેલા પરિવારમાંથી અને ભાજપે પણ વાઘેલા પરિવાર પર જ પસંદગી ઉતારી હતી. સાસુ-વહુ વચ્ચે જંગ હતો. આજે સાસુ શોભાબા વાઘેલાએ ચકાસણીની અંતે તેમનું ઉમેદવારીપત્ર પાછું ખેંચતાં વહુ સુશીલાબાના વિજયનો માર્ગ મોકળો બન્યો હતો. સુશીલાબા વાઘેલા જિલ્લા પંચાયતના પ્રથમ મહિલા બિનહરીફ વિજેતા ઉમેદવાર બન્યા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની તવારિખી પર નજર કરીએ તો દસ વર્ષ બાદ જિલ્લા પંચાયતમાં બિનહરીફ વિજેતા રાંધેજા બેઠક પરથી થયા છે.

રાંધેજા બેઠક પર વર્તમાન ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા જિલ્લામાં સૌથી વધુ સરસાઈ સાથે વિજયી થયા હતા. આ બાબતે આ બેઠક મહિલા અનામત થવા પામી છે.

કોંગ્રેસ અને ભાજપે એક જ પરિવારમાંથી સાસુ-વહુની પસંદગી કરી હતી. જેમાં સાસુ શોભાબા વાઘેલાએ આજે ચકાસણીને અંતે તેમનું ઉમેદવારીપક્ષ પાછું ખેંચ્યું હતું.

જિલ્લા પંચાયતમાં ભાજપે સુશીલાબાના વિજય સાથે પોતાનું ખાતું ખોલાવ્યું છે. સુશીલાબા વાઘેલાનો જયેષ્ઠપુત્ર ધવલસિંહ વાઘેલા ભાજપ યુવા મોરચામાં સક્રિય છે જયારે નાનો દીકરો ઋતુરાજ હાલ શાળાકીય અભ્યાસ કરી રહ્યો છે.

જિલ્લા પંચાયતની તવારિખીમાં એક અનોખો યોગાનુયોગ એવો પણ સર્જાયો છે કે દસ વર્ષ બાદ બેઠક બિનહરીફ બની અને બંને વિજેતાઓ વાસણ ગામના જ રહીશ છે.

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ

શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ

ક-૭ ચોકડી, વસંત વગડાની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર

● ૧,૨૫,૦૦૦ Sq.ft. Loan Area
● વિશાળ પાર્કીંગની સુવિધા, ● આકર્ષક એન્ટ્રી ગેટ
● અદ્યતન કીચન તથા વોશ એરિયા
● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● બાળકો માટે પ્લે એરિયા
● અલગ Groom અને Bridle રૂમ

મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે

બુકીંગ ચાલુ છે
● વાઘેલા ઘનશ્યામસિંહ એમ. - ૯૮૨૫૦ ૨૨૧૭૩
● વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫